# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

**Phone No: (0261)2662903, Fax No: 2662902, Email-*suratdeo@gmail.com***

જા.નં./બોર્ડ/ ૨૦૨૪/3439 તા.૨૫/03/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

જિ. સુરત

વિષયઃ- મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ખાતે શિક્ષકોને હાજર રાખવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે તા.૧૧/03/૨૦૨૪ થી તા.૨૬/03/૨૦૨૪ દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા સુરત જિલ્લાના પરીક્ષા કેન્દ્રો પર ધોરણ- ૧૦ (SSC) અને ધોરણ-૧૨(HSC) સા.પ્ર.અને વિ.પ્ર.ની રિપીટર/ખાનગી/પુથ્થક ઉમેદવારોની માર્ચ-૨૦૨૪ પરીક્ષાનું આયોજન થયેલ.

સદર પરીક્ષાના વિદ્યાર્થીઓની ઉત્તરવહિની ચકાસણી અર્થે બોર્ડ દ્વારા થયેલ આદેશ અનુસાર જે તે વિષય શિક્ષકો ફાળવાયેલ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર સમયસર હાજર થાય તે માટે તેમને બોર્ડના આદેશ અનુસાર છુટા કરવા જણાવવામાં આવે છે. વધુમાં હિન્દી, મરાઠી અને અંગ્રેજી માધ્યમના શિક્ષકોને ફાળવાયેલ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પેપર ચકાસણી અર્થે તાત્કાલિક છુટા કરવાના રહેશે. તેમજ હિન્દી, મરાઠી અને અંગ્રેજી માધ્યમના જે શિક્ષકોનો પેપર ચકાસણીનો આદેશ બોર્ડ દ્વારા થયેલના હોય તેવા શિક્ષકોને પણ તાત્કાલિક જે તે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ખાતે હાજર થવા છુટા કરવાના રહેશે. આદેશ થયેલ વિષય શિક્ષકની ગેરહાજરી કે રજા માન્ય કરવી નહી. અન્યથા ઉપસ્થિત થતી પરિસ્થિતિ માટે સબંધિત શાળાના આચાર્યશ્રી તેમજ શિક્ષકશ્રીની જવાબદારી રહેશે તથા કચેરી દ્વારા નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત